# સલામતીનો કિનારો શું છે?

જીવનનો સફર અને સલામતીના કિનારે પહોંચવાનો નિષ્કર્ષ નીચેની આયતોમાં સમાયેલ છે:

"અને ધરતી પોતાના પાલનહારના નૂરથી પ્રકાશિત થઇ જશે, કર્મનોંધ હાજર કરવામાં આવશે, પયગંબરો અને સાક્ષીઓને લાવવામાં આવશે અને લોકો વચ્ચે સત્યતાથી નિર્ણય કરી દેવામાં આવશે, અને તેમના પર અત્યાચાર કરવામાં નહી આવે. (૬૯) અને જે વ્યક્તિએ જે કંઈ કર્યુ છે, તેને ભરપૂર આપવામાં આવશે, જે કંઈ લોકો કરી રહ્યા છે અલ્લાહ તેને ખૂબ સારી રીતે જાણે છે. (૭૦) કાફિરોના જૂથના જૂથ જહન્નમ તરફ હાંકવામાં આવશે, જયારે તેઓ જહન્નમ પાસે પહોંચી જશે તો તેના દ્વાર તેમના માટે ખોલી નાંખવામાં આવશે અને ત્યાંના દેખરેખ કરનાર તેમને સવાલ કરશે કે, શું તમારી પાસે તમારા માંથી પયગંબર નહતા આવ્યા ? જે તમારી સામે તમારા પાલનહારની આયતો પઢતા હતા અને તમને આજના દિવસની મુલાકાતથી સચેત કરતા હતા ? તે લોકો જવાબ આપશે કે હાં, કેમ નહિ, પરંતુ કાફિરો માટે અઝાબનો નિર્ણય સાબિત થઇ ગયો. (૭૧) તેમને કહેવામાં આવશે, હવે જહન્નમના દ્વારમાં દાખલ થઇ જાઓ, તમે ત્યાં હંમેશા રહેશો , બસ ! ઘમંડી લોકોનું ઠેકાણું ઘણું જ ખરાબ છે. (૭૨) અને જે લોકો પોતાના પાલનહારથી ડરતા હતા, તેમના જૂથના જૂથ જન્નત તરફ લઇ જવામાં આવશે, ત્યાં સુધી કે જયારે તેની પાસે આવી જશે અને દ્વાર ખોલી દેવામાં આવશે અને ત્યાંના દેખરેખ કરનાર તેમને કહેશે કે તમારા ઉપર સલામતી છે, તમે પ્રસન્ન રહો, અને હંમેશા માટે જન્નતમાં દાખલ થઇ જાવ. (૭૩) તે લોકો કહેશે કે તે અલ્લાહનો આભાર, જેણે અમને આપવામાં આવેલ પોતાનું વચન પૂરું કર્યુ અને અમને આ ધરતીના વારસદાર બનાવી દીધા કે જન્નતમાં જયાં ઇચ્છીએ, ત્યાં પોતાની જગ્યા બનાવી લઇએ, બસ ! કર્મ કરનારાઓનો કેટલો સારો બદલો છે" [૩૩૧]. (અઝ્ ઝુમર: ૬૯-૭૪).

અને હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈલાહ નથી અને તેનો કોઈ ભાગીદાર નથી

અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ ﷺ તેના બંદા અને રસૂલ છે.

અને હું ગવાહી આપું છું કે અલ્લાહના દરેક પયગંબરો સાચા છે

અને હું ગવાહી આપું છું કે જન્નત અને જહન્નમ સત્ય છે.

---

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ

Source: https://www.the-faith.com/qa/gu/show/128/

Arabic Source: https://www.the-faith.com/qa/ar/show/128/

Saturday 4th of April 2026 02:42:48 AM